
# चैत्यवंदन भाष्य सह पद्यानुवाद


सर्वोदय ग्रंथावली
६४२



संयोजक - प.पू. श्रुतोपासक मुनिश्री सर्वोदयसागरजी म. सा.

।। उदयो भवतु सर्वेषाम्।।

# श्री चारित्ररत्न फा. चे. ट्रस्टनी विविध प्रवृतिओनी झलक



- श्री गृहमंदिरनी योजना
- श्री जिन प्रतिमाजीनी अष्ट मंगल पाटली योजना
- श्री गुरुमूर्तिओनुं निर्माण
- श्री ताम्रयंत्रोनी संकलना
- श्री आगम साहित्य
- श्री अर्वाचीन साहित्य
- श्री प्राचीन साहित्यनुं पांच-छ भाषामां संकलन
- श्री मल्टीकलर साहित्य
- पू. आ. श्री गुणसागरसूरि ज्ञानसंस्कार शिबिरनुं आयोजन
- गुरुगुण गीत गंगा केसेटोनुं आयोजन

## पुस्तक प्राप्ति स्थान





विराग-तेजस-ऋजु गंगर
रमेश अपार्टमेन्ट, अहिल्या बाग सामे, थाणा-

श्री सोमचंद भाणजी लालका
मुंबई गली, पो.-अमलनेर,
जि.-जलगाम, महाराष्ट्र-४२५४०१

मनोज जैन
श्री महावीर जैन आराधना केन्द्र, कोबा, गांधीनगर, ३८२००७

सर्वोदय ग्रंथावली - ६४३

सामायिकमां स्वाध्याय गुणश्रेणी - ४२

ની વાડી, અમદાવાદ

श्री देवेंद्रसूरिकृत

# चैत्यवंदन भाष्य मूळ साथे गुर्जर पद्यानुवाद

**पद्यानुवादक**

पूज्य श्रुतोपासक मुनिराज श्री सर्वोदयसागरजी म. सा.

**प्रकाशक**

श्री चारित्ररत्न फा. चे. ट्रस्ट

सौजन्य :- श्री जैन श्वे. मू. पू. संघ ज्ञानखाता - सेंधवा (म.प्र.)

वीर सं. २५३५, वि. सं. २०६५, आर्य संवत ८२९, गुणसंवत - २१

**।। उदयो भवतु सर्वेषाम् ।।**

।।श्री महावीराय नमः।।। श्री सर्वोदय पार्श्वनाथाय नमः।।। श्री गौतमस्वामिने नमः।।

अचलगच्छेश जंगमयुगप्रधान् आ. श्री आर्यरक्षित जयसिंह महेन्द्रप्रभ मेरुतुंग धर्ममूर्ति कल्याण गौतम गुणसागरसूरिभ्यो नमः।।

**दिव्य कृपा**

कलिकाल कल्पतरु जंगमयुगप्रधान अचलगच्छेश प.पू. आ.भ.श्री गौतम - नीति - गुणसागरसूरीश्वरजी म. सा.

**शुभ आशीर्वाद**

अचलगच्छाधिपति प.पू. आ.भ.श्री गुणोदयसागरसूरीश्वरजी म. सा.

प.पू. युवाचार्य श्री कलाप्रभसागरसूरीश्वरजी म.सा.

पू. गणिवर्यो, पू. मुनिवर्यो आदि

**प्रेरणादाता**

प.पू. तपस्वी मुनिराज श्री चारित्ररत्नसागरजी म.सा.

**शुभेच्छुक**

प.पू. मुनि श्री जगवल्लभ-गुणवल्लभसागरजी म.सा. आदि ठाणा - ५०

**मार्गदर्शक**

प.पू. मुनिराज श्री उदयरत्नसागरजी म.सा.

**संपादक**

मनोज आर. जैन - कोबा

मूल्य २५ रु. ।। उदयो भवतु सर्वेषाम्।। वि. सं. २०६५, प्रथमावृत्ति

# प्रास्ताविकम्

जिनशासनमां देवतत्त्व, गुरुतत्त्व अने धर्मतत्त्व आ त्रणे तत्त्वो प्रसिद्ध छे. आ तत्त्वोनी आराधना केवी रीते थाय, तेना विधि-विधान आवश्यकादि आगम ग्रंथोमां बतावाया छे. पण ते अतिविस्तारवाळा होई तेमांथी संक्षेपमां उद्धरीने आचार्य श्री देवेन्द्रसूरिजीए देववंदनभाष्य, गुरुवंदनभाष्य अने पच्चक्खाणभाष्य नामना त्रण स्वतंत्र प्रकरण ग्रंथोनी रचना करी छे. तेमां प्रथम देववंदनभाष्य देवतत्त्वनी आराधनाना मार्गदर्शनरूपे रचायेल छे.

चैत्य एटले भगवाननी मूर्ति तेना वंदन पूजननी विधि कहेनारुं शास्त्र एटले चैत्यवंदनभाष्य. आमां २४ प्रकारो वडे विधि दर्शावी छे. जिनमंदिरमां दर्शन-पूजन अर्थे जनारे कई कई बाबते ध्यान आपवुं केवो विधि साचववो जेथी तेनुं वास्तविक फळ प्राप्त थाय, ए बधुं आ भाष्यमां सुंदर प्रकारे दर्शाव्युं छे. शास्त्रोमां कह्युं छे के विधिपूर्वकनी भावक्रियाथी शुभ संस्कारोना बीज रोपाय छे. तेथी उत्तरोत्तर विशिष्ट पुण्यबंध द्वारा सद्‌गतिनी परंपरा बने छे अने जीव अन्ते परम पदनी प्राप्ति करे छे.

आ भाष्यमां ६३ गाथाओ, २४ द्वारो अने २०७४ बोलनुं वर्णन करीने आराधक जीवो माटे ज्ञाननो सुंदर रसथाळ पीरस्यो छे. जे अभ्यासुओ माटे खूबज उपयोगी छे. जिनमंदिर संबंधित ३ निसिही, ३ प्रदक्षिणा, ५ अभिगमादि, ३ प्रकारना देववंदन, नमस्कार, अक्षर, पदादि तथा ४ निक्षेपे अरिहंतस्वरूप, ४ स्तुतिओ, १२ हेतुओ, १६ आगारो, १९ दोषो, १० मोटी आशातनाओ इत्यादि देववंदन विधि विषयक विशद वर्णन करायुं छे.

पूज्य मुनिश्री सर्वोदयसागरजी म. सा. ता. २१-१२-०५ थी ता. २३-०४-०६ सुधी श्री वीरचंद सोनी परिवारना तलासरीना सन्स पेट्रोलपंचना निवास स्थाने रह्या हता. पूज्यश्री साथे पूज्य मुनिराज श्री गुणवल्लभसागरजी म.सा. हता. चार महिनानी स्थिरता दरम्यान पूज्य गुणवल्लभसागरजीए १५०० गाथाओ कंठस्थ करी हती ज्यारे पूज्य श्रुतोपासक विद्वान् मुनिराज श्री सर्वोदयसागरजीए २० नूतन रचनाओ करी हती तेमांथी त्रणभाष्य, छ कर्मग्रंथनी मळी नव रचनाओ आ प्रकाशन श्रेणीमां आपवामां आवी छे. प्रस्तुत पुस्तिकामां अमे पूज्य मुनिश्री द्वारा रचित गुर्जरभाषाबद्ध देववंदनभाष्यनो पद्यानुवाद प्रारंभमां आप्यो छे

अने पछी देववंदनभाष्य मूळ आपेल छे जेथी वाचक-मुमुक्षुओ गाथाओनो स्वाध्याय अने अर्थनी अवधारणा बन्ने साथे करी शकशे. पूज्यश्रीए रचेलो आ पद्यानुवाद सुगम अने सरल छे. वधु ऊंडाणपूर्वक अभ्यास करवा मांगता जिज्ञासुओ माटे आ पुस्तिकाना प्रान्ते देववंदनभाष्यने लगता प्राप्तसाहित्यनी टीप आपवामां आवेल छे.

परम पूज्य श्रुतोपासक विद्वान् मुनिप्रवर श्री सर्वोदयसागरजी महाराजश्रीना सत्प्रयास अने प्रेरणाथी आ रीते जीवविचार आदि चार प्रकरणो, त्रणभाष्यो अने छ कर्मग्रंथोनो मूळ साथे पद्यानुवाद सर्वप्रथमवार छपाई रह्यो छे. अने ते ज्ञानपिपासुओ माटे आशीर्वाद रूप सिद्ध थशे. पूज्य मुनिराज श्री उदयरत्नसागरजी म. सा. ए आ कार्यमां सुंदर मार्गदर्शन करेल छे. आ पद्यानुवादने अक्षरशः निरीक्षण करी आपवा बदल पं. श्री चन्द्रकान्तभाई एस. संघवी-पाटणनो तेमज दरेक प्रकरणोना साहित्यनी नोंध आपवा बदल आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर-कोबा तथा पं. जितेन्द्र बी. शाहनो (एल.डी. इन्डोलोजी-अमदावाद) अन्तःकरणपूर्वक आभार व्यक्त करीए छीए.

प्रकाशन संस्था श्री चारित्ररत्नफा.चे.ट्रस्टे प्रभु महावीरना २५३५मा निर्वाण महोत्सवना उपलक्षमां २५३५ ग्रंथो प्रकाशित करवानो महान संकल्प कर्यो छे. ए संदर्भमां ५०० जेटला ग्रंथो प्रकाशित थई चूक्या छे. तेनो अमने खूबज हर्ष छे. जेमां ५०० पूजन प्रतो पैकी २०० प्रतो प्रकाशित थई गई छे, ५०० अप्रगट ग्रंथो पैकी ५० ग्रंथो प्रेसमां छे, १३५ कथा ग्रंथो छ भाषामा अने ५ भाषामां प्रकाशित थया छे जे साधु-साध्वीजीओने भणवा माटे खूबज उपयोगी छे, ४५ आगम सचित्र गुजराती, हिंदी अने अंग्रेजी भावार्थ साथे प्रकाशित थयेल छे, ३०० रास वि. मर्यादित नकलो प्रकाशित करी छे, अचलगच्छनी १०० पूजाओ पैकी ५० प्रकाशित करी छे, १०० ढालिया, १५० अचलगच्छीय आर्चार्योना संस्कृत चरित्रो, १०८ करमशी खेतशी खोनानुं अप्रगट साहित्य, १५० श्री पार्श्वभाईनुं अप्रगट साहित्य, ५१ गुणमंजूषा प्रकाशित थयेल छे. ५१ स्तोत्रो खंडान्वय-दंडान्वय अने पदच्छेद युक्त प्रकाशन थई रह्या छे जेमां २१ स्तोत्रो प्रेसमां छे. तदुपरांत १२० सामायिकमां स्वाध्याय पुस्तिकाओ, २२५ विविध ग्रंथो आम कुल मळीने २५३५ ग्रंथो थाय छे. हमणासुधी आ कार्य धीमी गतिए चालतुं हतुं ते हवे देव-गुरु पसाये वेगवंतु चालशे एवी आशा छे.

## ट्रस्टना निर्णयो

१. हवे पछी बधा ग्रंथो मल्टी कलरमां छपाशे.

२. ग्रंथो माटे दाननी अपील बहार पडशे नहि.

३. अध्ययनमां उपयोगी माहिती अलभ्य बने तो पोस्टल खर्च तथा झेरोक्ष खर्च लईने व्यवस्था करी आपवी.

४. प्रकाशित ग्रंथो कोईने पण भेटमां आपवा नहि.

५. वि.सं २०६७ पछी योग्य समये ट्रस्टनुं विसर्जन करी देवाशे.


अन्ते वाचक वर्गने नम्र विनंति करीए छीए के प्रमादवश आमां कोई त्रुटीओ रही गई होय तो सूचित करशो जेथी पुनरावृत्तिमां सुधारो वधारो करी शकीशुं.

**- लि. श्री चारित्ररत्न फा. चे. ट्रस्टवती**

**श्री सोमचंद भाणजी लालका**

**श्री जेन्तीलाल जेठाभाई मैशेरीना**

**सादर जयजिनेंद्र**



# चैत्यवंदन भाष्य - पद्यानुवाद

नमुं जिनने गोयम गुरु जेवा श्री गुणसूरिने वंदन करुं,
भाष्य त्रयमां चैत्य भाष्यने संक्षिप्तमां गुर्जर पद्ये रचुं.
चैत्यवंदन लघु भाष्यनी देवेन्द्रसूरिनी रचना छे,
चैत्यवंदन महाभाष्यनी शान्तिसूरिनी रचना छे.
सर्वज्ञने वंदन करीने टीका भाष्य चूर्णिने आगमो,
चैत्यवंदन कहीश आधारे तीर्थंकर कहे ते आत्मागमो.
सूत्र रचना अनंतरागम गणधरोथी ए रचाय छे,
त्रीजुं परंपरागम जाणो सत्पुरुषोथी ए रचाय छे. १

*२४ मुख्य द्वारो*

त्रिक अभिगम दिशास्थिति अवग्रह वंदना प्रणिपात छे,
नमस्कार अक्षरो पदो संपदा दंडक अधिकार वंदनीय छे.
स्मरणीय जिनेश्वरोनी स्तुति निमित्त हेतु आगार दोषो२०,
काउसग्ग प्रमाण स्तवन चैत्यवंदन आशातना त्याग जोशो. २-४

*१ दश त्रिक*

दश त्रिक आदि चोवीश द्वारो बे हजार चुमोत्तेर स्थानो छे,

तेनो विस्तार संक्षिप्तमां हवे एने क्रमथी कहेवाय छे. ५

निस्सिहि प्रदक्षिणा प्रणाम पूजा अवस्था त्रण दिशा गणो,
प्रमार्जना वर्णादिक मुद्रा प्रणिधानादि त्रण त्रण जाणो. ६-७

*निस्सिहि*

त्रण स्थाने निस्सिहि कहेवाय गभारे त्रण प्रदक्षिणा थाय,
अचलगच्छना सित्तेर बोलमां त्रिक तरीके आ बे न मनाय.

*प्रणाम त्रिक*

त्रीजुं प्रणाम त्रिक कहे छे अंजलि अर्धावनत जणाय,
पंचांग प्रणाम त्रीजुं कहे छे जेनाथी पांच अंगो नमाय. ८-९

*पूजा त्रिक*

अंग अग्र भावपूजाने जाणो पंच अष्ट सर्व प्रकारे छे,
अंगपूजा विघ्नोपशामिका अग्र अभ्युदयसाधनी छे.
निर्वृत्तिकारिणी भावपूजा ए मोक्ष फळने आपनारी छे,
सत्तर एकवीश चोसठ नव्वाणुं अनेक प्रकारे गणावी छे. १०

*अवस्था त्रिक - दिशिनिरीक्षणवर्जन त्रिक*

पिंडस्थ ते छद्मस्थपणुं छे पदस्थ केवलि गणाय छे,
रुप रहित ते सिद्धपणुं छे स्नान पूजा प्रथम गणाय छे.

प्रातिहार्यथी केवलिपणुं छे सिद्धावस्था पर्यंक कायोत्सर्गे छे,
प्रभु सन्मुख दृष्टि स्थापीने बाकी त्रण दिशाने त्यागे छे.११-१३
प्रणिधान चैत्य मुनिवंदन प्रार्थना स्वरूपने कहेजी,
वर्णादि त्रिक, मुद्रा त्रिक, प्रणिधान त्रिक
प्रमार्जना वर्ण मुद्रा त्रिक जाणो शब्द अर्थ प्रतिमा वखाणोजी,
योग जिन मुक्ताशुक्ति जाणो विस्तार एनो ग्रंथमां जाणोजी.
प्रणिधान चैत्य मुनि वंदन प्रार्थना स्वरूपने कहेजी,
मन वच कायानुं एकाग्रपणुं प्रणिधान त्रिक ए लहेजी. १४-१९

*(२) पांच अभिगमो*

हवे पांच अभिगमने जाणो सचित्त त्याग अचित्त अत्याग,
मननी एकाग्रताने अंजलि एक शाटि उत्तरासंग राग.
तलवार छत्र मोजडी मुगुट चामर पांचमु राजचिह्न छे,
उघाडे मस्तके प्रभुजी पासे न जवानी रीत तो प्रसिद्ध छे. २०-२१

*अवग्रह*

पुरुषो जमणे स्त्रीओ डाबे रहीने प्रभुने वंदन करे छे,
जघन्ये नव उत्कृष्टे साठ हाथ बाकीना मध्यम गणाय छे.
अन्य मते अडधा हाथथी साठ बार अवग्रह गणाय छे,

पांचमुं द्वार चैत्यवंदनाने त्रण प्रकारे गणावाया छे. २२

*त्रण प्रकारे चैत्यवंदन*

जघन्ये नमस्कारने जाणो दंडक स्तुति युगले मध्यम,
चार स्तुतिने स्तवने जाणो प्रणिधाने उत्कृष्ट चैत्यवंदन.
अन्य मते आचार्यो कहे छे एक नमुत्थुणं ए जघन्य छे,
बे के त्रण मध्यमने जाणो चार के पांच ए उत्कृष्ट छे. २३-२४

*पंचांग प्रणिपात, स्तुति, अक्षर, पद, संपदा*

छट्ठुं प्रणिपात सातमुं द्वार नमस्कारने कहेवाय छे,
जमीनने पांच अंग अडतां पंचांग प्रणिपात कहेवाय छे.
एक बे एकसो आठ स्तुतिथी नमस्कार प्रभुने कराय छे, २५
सोळसो सुडतालीश अक्षरो पदो संपदाओ ग्रन्थथी भणाय छे.२६-४०
आठ नव दश द्वारने जाणो तपागच्छनी मान्यता जणाय,
अन्य गच्छनी मान्यता जाणो ए प्रमाणे आ ग्रन्थ भणाय.

*पांच दंडक - अधिकार*

अग्यार द्वारे पांच दंडक जाणो शक्र चैत्य नाम श्रुत सिद्ध छे,
बे एक बे बे पांच प्रमाणे बारद्वार बार अधिकारे छे. ४१

*चार वंदनीय*

प्रथम पदोने स्तवना जाणो बेंतालीशथी आठ गाथामां, ४२-४९
जिन मुनि अने श्रुत सिद्धा करवा चारेने वंदना.

*चार प्रकारे जिनेश्वरो*

नाम स्थापना द्रव्यने भाव चारे प्रकारना जिनेश्वरो छे,
सम्यग् देवता माटे जणाय ए स्मरण करवा योग्य छे. ५०

*चार प्रकारना जिनेश्वरोनुं स्वरूप*

प्रभुनुं नाम नाम जिन छे प्रभु प्रतिमा स्थापना जिन छे,
प्रभुनो आत्मा द्रव्य जिन छे समवसरण भाव जिन छे. ५१

*चार स्तुतिओ*

चार स्तुतिमां एक मुख्य जिननी बीजी सर्व जिननी जणाय,
त्रीजी ज्ञाननी चोथी देवनी एम स्तुतिनी रचना कराय. ५२

*आठ निमित्त, बार हेतु, सोळ आगार, १९ दोष*

सत्तर द्वारे छे आठ निमित्तो कायोत्सर्ग बार कारणे कराय,
कायोत्सर्गे बार सोळ आगार ओगणीश दोषो ग्रन्थे जणाय.

*काउसग्ग प्रमाण, स्तवन*

एकवीश द्वारे पचीस श्वासोश्वास कायोत्सर्गनुं माप गणाय,

गंभीर मधुरे स्तवन गाता बावीश द्वार अहीं पूर्ण जणाय.५३-५८

*सात चैत्यवंदन*

त्रेवीश द्वारे सात चैत्यवंदन गृहस्थने पण जणाव्युं छे,
जघन्ये त्रण चैत्यवंदन त्रिकाल पूजाने गणाव्यु छे.

*दश आशातना*

चोवीशमा द्वारे दश आशातना टाळो तमे जिनमंदिरमां,
देववंदन करो मोक्षने पामो देवेन्द्रसूरि कहे मनमंदिरमां.५९-६०
आर्यरक्षितसूरि सित्तेर बोलमां आगम अनुसारे निषेध जाणो,
फळ नैवेद्य दिपक पूजाने तथा अष्टप्रकारीने न गणो.
निस्सिही प्रदक्षिणा संपदाने त्रिकने न गणवा कहे छे,
संशोधनना विषयो आ बधा अभ्यास मांगी लेता जणाय छे.

*कळश*

चैत्य स्तवने संक्षिप्ते रच्युं तलासरीना मल्लिधाममां,
वीरचंद नरशी परिवारे भक्ति करी खूब आनंदमां.
आर्य कल्याण गौतम गुणसूरि गुरुदेवोनी कृपा जणाय छे,
बे हजार बांसठे रचना सर्वोदयथी कराय छे.

इति चैत्यवंदन भाष्यनो गुर्जर भाषामय पद्यानुवाद संपूर्ण

# चैत्यवंदन भाष्य

वंदित्तु वंदणिज्जे, सव्वे चिइ-वंदणाऽऽइसु-वियारं;
बहु-वित्ति-भास-चुण्णि, सुयाऽणुसारेण वुच्छामि. १
दहतिग अहिगमपणगं, दुदिसि तिहुग्गह तिहा उ वंदणया;
पणिवाय नमुक्कारा, वन्ना सोलसय सीयाला. २
इगसीइसयं तु पया, सगनउई संपयाओ पण दंडा;
बार अहिगार चउ-वंदणिज्ज सरणिज्ज चउह-जिणा. ३
चउरो थुई निमित्तट्ठ, बार हेऊ अ सोल आगारा;
गुणवीसदोस उस्सग्ग-माणं थुत्तं च सगवेला. ४
दस-आसायण-चाओ, सव्वे चिइ-वंदणाइ ठाणाइं;
चउवीस दुवारेहिं, दु-सहस्सा हुंति चउसयरा. ५
तिन्नि निसीही तिन्नि उ, पयाहिणा तिन्नि चेव य पणामा;
तिविहा पूया य तहा, अवत्थतिय भावणं चेव. ६
तिदिसिनिरिक्खण-विरई, पयभूमिपमज्जणं च तिक्खुत्तो;
वन्नाऽऽइ-तियं मुद्दा, तियं च तिविहं च पणिहाणं. ७

घर-जिणहर जिणपूया, वावारच्चायओ निसीहितिगं;
अग्गद्दारे मज्झे, तइया चिइवंदणासमए. ८

अंजलिबद्धो अद्धो-णओ अ पंचंगओ अ तिपणामा;
सव्वत्थ वा तिवारं, सिराइनमणे पणामतियं. ९

अंगऽग्ग-भाव-भेया, पुप्फाहार-थुईहिं पूयतिगं;
पंचुवयारा अट्ठोवयार सव्वोवयारा वा. १०

भाविज्ज अवत्थतियं, पिंडत्थ पयत्थ रूवरहिअत्तं;
छउमत्थ केवलित्तं, सिद्धत्तं चेव तस्सत्थो. ११

न्हवणच्चगेहिं छउमत्थ, वत्थ पडिहारगेहिं केवलियं;
पलियंकुस्सग्गेहि अ, जिणस्स भाविज्ज सिद्धत्तं. १२

उड्ढा-ऽहोतिरिआणं, तिदिसाण निरिक्खणं चइज्जहवा;
पच्छिम-दाहिण-वामाण, जिणमुहन्नत्थ-दिट्ठि-जुओ. १३

वन्नतियं वन्नत्था-ऽऽलंबणमालंबणं तु पडिमाई;
जोग-जिण-मुत्तसुत्ती-मुद्दा-भेएण मुद्दतियं. १४

अन्नुन्नंतरिअंगुलि-कोसा-ऽऽगारेहि दोहिं हत्थेहिं;
पिट्टोवरि कुप्पर-संठिएहिं तह जोग-मुद्दत्ति. १५

चत्तारि अंगुलाइं, पुरओ ऊणाइं जत्थ पच्छिमओ;
पायाणं उस्सग्गो, एसा पुण होइ जिणमुद्दा. १६
मुत्तासुत्ती मुद्दा, जत्थ समा दोवि गब्भिआ हत्था;
ते पुण निलाड-देसे लग्गा अन्ने अलग्गत्ति. १७
पंचंगो पणिवाओ, थय-पाढो होइ जोगमुद्दाए;
वंदण जिणमुद्दाए, पणिहाणं मुत्तसुत्तीए. १८
पणिहाण-तिगं चेइअ-मुणि-वंदण-पत्थणा सरूवं वा;
मण-वय-काएगत्तं, सेस-तिगत्थो य पयडुत्ति. १९
सच्चित्तदव्वमुज्झण-मच्चित्तमणुज्झणं मणेगत्तं;
इगसाडि उत्तरासंगु, अंजली सिरसि जिण दिट्ठे. २०
इअ पंचविहाऽभिगमो, अहवा मुच्चंति रायचिण्हाइं;
खग्गं छत्तोवाणह, मउडं चमरे अ पंचमए. २१
वंदंति जिणे दाहिण, दिसिट्ठिआ पुरिस वामदिसि नारी;
नवकर जहन्नु सट्ठिकर, जिट्ठ मज्झुग्गहो सेसो. २२
नमुक्कारेण जहन्ना, चिइवंदण मज्झ दंड-थुइ-जुअला;
पण दंड थुइ-चउक्कग, थयपणिहाणेहिं उक्कोसा. २३

अन्ने बिंति इगेणं, सक्कत्थएणं जहन्न वंदणया;
तद्दुग-तिगेण मज्झा, उक्कोसा चउहिं पंचहिं वा. २४
पणिवाओ पंचंगो, दो जाणू करदुगुत्तमंगं च;
सुमहत्थ-नमुक्कारा, इग दुग तिग जाव अट्ठसयं. २५
अडसट्ठि अट्ठवीसा, नवनउयसयं च दुसय-सगनउया;
दोगुणतीस दुसट्ठा, दुसोल अडनउयसय दुवन्नसयं. २६
इय नवकार-खमासमण, इरिय-सक्क-त्थयाऽऽइ-दंडेसु;
पणिहाणेसु अ अदुरुत्त-वन्न सोलसय सीयाला. २७
नव बत्तीस तित्तीसा, तिचत्त अडवीस सोल वीस पया;
मंगल-इरिया-सक्कत्थयाइसु एगसीइसयं. २८
अट्ठट्ठ नवट्ठ य अट्ठवीस, सोलस य वीस वीसामा;
कमसो मंगल इरिया सक्कत्थयाऽऽईसु सग-नउइ. २९
वन्नऽट्ठसट्ठि नव पय, नवकारे अट्ठ संपया तत्थ;
सग संपय पय तुल्ला, सतरक्खर अट्ठमी दु पया. ३०
पणिवाय अक्खराइं, अट्ठावीसं तहा य इरियाए;
नव-नउयमक्खर-सयं, दुतीस पय संपया अट्ठ. ३१

दुग दुग इग चउ इग पण, इगार छग इरिय-संपयाइ पया;
इच्छा इरि गम पाणा, जे मे एगिंदि अभि तस्स. ३२
अब्भुवगमो निमित्तं, ओहेअर-हेउ संगहे पंच;
जीवविराहण-पडिक्कमण, भेयओ तिन्नि चूलाए. ३३
दु ति चउ पण पण पण दु, चउ ति पय सक्कत्थय संपयाइपया;
नमु आइग पुरिसो लोगु, अभय धम्म-ऽप्प-जिण सव्वं. ३४
थोअव्व संपया ओह, इयर-हेऊवओग तद्धेऊ;
सविसेसुवओग सरूव, हेउ नियसम-फल य मुक्खे. ३५
दो सगनउआ वण्णा, नवसंपय पय तितीस सक्कत्थए;
चेइयथयट्ठ-संपय, तिचत्त पय वण्ण-दुसयगुणतीसा. ३६
दु छ सग नव तिय छच्चउ, छप्पय चिइ संपया पया पढमा;
अरिहं वंदण सद्धा, अन्न सुहुम एव जा ताव. ३७
अब्भुवगमो निमित्तं, हेऊ इग-बहु-वयंत आगारा;
आगंतुग आगारा, उस्सग्गावहि सरूवट्ठ. ३८
नामथयाइसु संपय, पयसम अडवीस सोल वीस कमा;
अदुरुत्त-वण्ण दोसट्ठ, दुसयसोल-ट्ठनउअसयं. ३९

पणिहाणि दुवन्नसयं, कमेण सग ति चउवीस तित्तीसा;
गुणतीस अट्ठवीसा, चउती-सिगतीस बार गुरू वण्णा. ४०
पणदंडा सक्कत्थय, चेइअ नाम सुअ सिद्धत्थय इत्थ;
दो इग दो दो पंच य, अहिगारा बारस कमेण. ४१
नमु जेअ य अरिहं लोग, सव्व पुक्ख तम सिद्ध जो देवा;
उज्जिं चत्ता वेआवच्चग अहिगार पढमपया. ४२
पढम-हिगारे वंदे, भावजिणे बीयए उ दव्वजिणे;
इगचेइय-ठवण जिणे, तइय चउत्थंमि नामजिणे. ४३
तिहुअण-ठवण जिणे पुण, पंचमए विहरमाण जिण छट्ठे;
सत्तमए सुयनाणं, अट्ठमए सव्वसिद्ध थुई. ४४
तित्थाहिव-वीरथुइ, नवमे दसमे य उज्जयंत-थुई;
अट्ठावयाई इगदिसि, सुदिट्ठि सुर-समरणा चरिमे. ४५
नव अहिगारा इह ललिअवित्थरा-वित्तिमाइ अणुसारा,
तिण्णि सुय-परंपरया, बीओ दसमो इगारसमो. ४६
आवस्सयचुण्णीए, जं भणियं सेसया जहिच्छाए;
तेणं उज्जिंताइ वि, अहिगारा सुयमया चेव. ४७

बीओ सुयत्थयाइ, अत्थओ वन्निओ तहिं चेव;
सक्कत्थयंते पढिओ, दव्वारिह-वसरि पयडत्थो. ४८
असढाइन्नणवज्जं, गीअत्थ-अवारिअंति मज्झत्था;
आयरणा विहु आणत्ति, वयणओ सुबहु मन्नंति. ४९
चउवंदणिज्ज जिण मुणि, सुय सिद्धा इह सुराई सरणिज्जा;
चउह जिणा नाम ठवण, दव्व भाव जिण-भेएणं. ५०
नामजिणा जिणनामा, ठवणजिणा पुण जिणिंदपडिमाओ;
दव्वजिणा जिणजीवा, भावजिणा समवसरणत्था. ५१
अहिगय-जिण-पढमथुई, बीया सव्वाण तईअ नाणस्स;
वेयावच्चगराणं, उवओगत्थं चउत्थ थुई. ५२
पावखवणत्थ इरिआइ, वंदणवत्तिआई छ निमित्ता;
पवयणसुर सरणत्थं, उस्सग्गो इअ निमित्तट्ठ. ५३
चउ तस्स उत्तरीकरण, पमुह सद्धाइआ य पण हेऊ;
वेयावच्चगरत्ताई, तिन्नि इअ हेउ बारसगं. ५४
अन्नत्थयाई बारस, आगारा एवमाइया चउरो;
अगणी पणिंदिछिंदण, बोही-खोभाई डक्को य. ५५

घोडग लय खंभाई, मालु-द्धी निअल सबरि खलिण वहू;
लंबुत्तर थण संजई, भमुहंगुलि वायस कविट्ठो. ५६
सिरकंप मूअ वारुणी, पेहत्ति चइज्ज दोस उस्सग्गे;
लंबुत्तर थण संजइ, न दोस समणीण सवहु सड्ढीणं. ५७
इरि-उस्सग्गपमाणं, पणवीसुस्सास अट्ठ सेसेसु;
गंभीर-महुर-सद्दं, महत्थजुत्तं हवइ थुत्तं. ५८
पडिकमणे चेइय जिमण, चरिम पडिकमण सुअण पडिबोहे;
चिइवंदण इअ जइणो, सत्त उ वेला अहोरत्ते. ५९
पडिकमओ गिहिणोवि हु, सगवेला पंचवेल इअरस्स;
पूआसु तिसंझासु अ, होइ तिवेला जहन्नेणं. ६०
तंबोल पाण भोयण-वाणह मेहुन्न सुअण निट्ठवणं;
मुत्तुच्चारं जूअं, वज्जे जिणनाह जगइए. ६१
इरि नमुक्कार नमुत्थुण, अरिहंत थुइ लोग सव्व थुई पुक्ख;
थुई सिद्धा वेआ थुई, नमुत्थु जावंति थय जयवी. ६२
सव्वोवाहि विसुद्धं, एवं जो वंदए सया देवे;
देविंदविंद महिअं, परमपयं पावइ लहुं सो. ६३.

इति चैत्यवंदन भाष्य संपूर्ण

# चैत्यवंदन भाष्य अंगेनी कृतिओनी सूचि

| कृति नाम | कर्ता नाम |
|---|---|
| भाष्यत्रय | दवेंद्रसूरि |
| भाष्यत्रय-(सं.)टीका | अज्ञात जैनश्रमण |
| भाष्यत्रय-(सं.)अवचूरि | सोमसुंदरसूरि |
| भाष्यत्रय-(सं.)अवचूरि | अज्ञात जैनश्रमण |
| भाष्यत्रय-(गु.)विशेषार्थ | चदुलाल न्हानचंद |
| भाष्यत्रय-(गु.)भावार्थ | ज्ञानविमलसूरि |
| भाष्यत्रय-(गु.)शब्दार्थ | खमशंकर लक्ष्मीशंकर वर्द्धमानकर |
| भाष्यत्रय-(मा.गु.)विवरण | धर्मरत्नसूरि-शिष्य |
| भाष्यत्रय-(गु.)विवेचन | अमृतलाल पुरषोत्तमदास |
| चत्यवंदनादिभाष्यत्रय-(गु.)विवेचन | कर्पूरविजय |
| भाष्यत्रय-(मा.गु.)बालावबोध | ज्ञानविमलसूरि |
| भाष्यत्रय-(मा.गु.)बालावबोध | अज्ञात जैनश्रमण |
| भाष्यत्रय-(मा.गु.)टबार्थ | भगवानजी करमचंदजी |
| भाष्यत्रय-(मा.गु.)टबार्थ | लावण्यविजय |

## चैत्यवंदन भाष्य अंगेनी कृतिओनी सूचि

| | |
|---|---|
| भाष्यत्रय-(प्रा.अमा.गु.)अर्थयंत्र पदार्थविवरण | सुखसागर |
| भाष्यत्रय-(हिं.)विवेचन | रत्नसेनविजय |
| भाष्यत्रय-(गु.)अर्थ | हेमचंद्रसूरि |
| गुरुवंदनभाष्य-(गु.)भावार्थ | चंदुलाल |
| गुरुवंदनभाष्य-(हिं.)अनुवाद | प्रतापमलजी सेठिया |
| गुरुवंदनभाष्य-(गु.)छंदोबद्धअनुवाद | सुशीलविजय |
| गुरुवंदनभाष्य-(गु.)संक्षिप्त सार | सुशीलविजय |


# श्री चारित्ररत्न फा. चे. ट्रस्टना प्रकाशनो

- 500 पूजनप्रतो
- 135 6 भाषाना कथाग्रन्थो (अप्राप्य)
- 350 अप्रगट ग्रन्थो हस्तप्रतोमांथी लखाई गया छे
- 45 आगमग्रन्थो (अप्राप्य)
- 120 सामयिकमां स्वाध्याय काव्यकृतिओ (क्रमसर छपाय छे)
- 25 अचलगच्छेश पू. आ. कल्याणसागरसूरि तथा पू. आ. विद्यासागरसूरि रचित स्तोत्र आधारे खंडान्वय-दंडान्वय
- 75 पू. अचलगच्छेश तथा आचार्य भ., साधु भगवंतना संस्कृतमां जीवनचरित्रो

श्री चारित्ररत्न फा. चे. ट्रस्ट तरफथी २५०० ग्रन्थो प्रकाशित करवानी भावना छे. हाल १२५० ग्रन्थोनी झलक आपी छे. लेखक 'श्री पार्श्व' नुं साहित्य क्रमसर प्रकाशित करवानी भावना छे.

*॥ उदयो भवतु सर्वेषाम् ॥*

Printed by, Navprabhat 98255 98855


અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.નો સર્વોદયજીનો પરિવાર
ARYA GRAPHICS - 09925801910